કપડવંજના મહે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

**ક્રિમિનલ કેસ નંબર– ૧૪૩/૨૦૨૬**
આંક.૧૬

ફરીયાદી - ગુજરાત સરકાર તરફે ખેતી અધિકારી કપડવંજ
(શ્રી ડી.ડી.ચૌધરી ,ખેતી અધિકારી કપડવંજ)
ખેતીવાડી અધિકારીની કચેરી,
c/o મદદનીશ ખેતી નિયામક (વિ.)ની કચેરી,
ડાકોર ચોકડી,કપડવંજ,જિ.ખેડા

વિરુધ્ધ

આરોપીઓ - 1) એગ્રો સર્વિસ સેન્ટર,નવા બસ સ્ટેન્ડ સામે,કપડવંજ,જિ.ખેડા
2) એગ્રો સર્વિસ સેન્ટર નવા બસ સ્ટેન્ડ સામે,કપડવંજ,જિ.ખેડા ના જવાબદાર વ્યક્તિ ચંદ્રેશ જાદવજી ભાનુશાલી, ઉ.વ.પુખ્ત, રહે.પ૪,હરીકુંજ સોસાયટી,ડાકોર રોડ, કપડવંજ
3) ભારત બાયોગેસ એનર્જી લીમીટેડ,સુંદરપુરા,તા.ઉમરેઠ,જી.આણંદ
4)ભારત બાયોગેસ એનર્જી લીમીટેડ, સુંદરપુરા, તા.ઉમરેઠ,જી.આણંદ ના જવાબદાર વ્યક્તિ- રાકેશ નાનકભાઈ દંતાણી,રહે.પથ્થર તલાવડી,નારી કેન્દ્ર પાસે, ગોધરા, પંચમહાલ
5)ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન લીમીટેડ,૪૭ જીઆઈડીસી ઈલેકટ્રોનીકસ, સેકટર-૨૫, ગાંધીનગર
6) ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન લીમીટેડ,૪૭ જીઆઈડીસી ઈલેકટ્રોનીકસ, સેકટર-૨૫, ગાંધીનગરના જવાબદાર વ્યકિત ભાવેશકુમાર અરવિંદભાઈ પંડ્યા,૧૧ લક્ષ્મી નારાયણ સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ,ડભાણ, નડીઆદ
7) ખેડૂત બીજ નિગમ,કિસાન કેટલ ફિડની સામે, ગુજદાલા રોડ, ગોંડલ, રાજકોટ
8) ખેડૂત બીજ નિગમ કિસાન કેટલ ફિડની સામે, ગુજદાલા રોડ, ગોંડલ, રાજકોટના જવાબદાર વ્યક્તિ-રાકેશ નાનકભાઈ દંતાણી રહે.પથ્થર તલાવડી,નારી કેન્દ્ર પાસે, ગોધરા, પંચમહાલ

- ગુનો-જંતુનાશક દવા અધિનિયમ ૧૯૬૮ ની કલમ- ૩ (કે)(૧), ૧૭ -(૧) (એ), અને ૧૮ (૧) (સી) નો ભંગ કરી, આજ કાયદાની કલમ-૨૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો

૧. ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત મુજબ આ કામના આરોપી નં.૧ થી ૮ નાઓએ સબસ્ટાન્ડર્ડ જંતુનાશક દવાનું ઉત્પાદન કરી/ સંગ્રહ કરી/ વેચાણ માટે પ્રદર્શનમાં મુકી/ખરીદ કરીને વેચાણ કરીને જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ ની કલમ-૩ (કે) (૧), ૧૭(૧)(એ), અને ૧૮ (૧) (સી) નો ભંગ કરી આજ કાયદાની કલમ-૨૯ મુજબ દંડ અને શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાથી ફરીયાદ દાખલ કરવા માટે હાલના ફરીયાદીને સત્તા હોવાથી સદર ફરીયાદ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તપાસના કાગળોની નકલો વિનામુલ્યે મળ્યાની ખતારી કર્યા બાદ આરોપીઓ તેઓ સામેનો ગુનો કબુલ કરવા માગતા હોય તે અંગે આંક. ૦૬ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ અને આરોપીઓની આંક ૦૭ થી ૧૪ પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી સદર ગુનાની કબુલાત કરી જણાવેલ છે કે, આ પ્રથમ ગુનો છે હવે પછી આવી ભુલ નહી થાય તેવી ખાતરી આપી કેદની સજાને બદલે ફકત દંડ કરવા રજુઆત કરેલ છે. આરોપીઓ ગુના કબુલવા બંધાયેલ નથી તેવી તેઓને સમજણ આપેલ છે છતાં આરોપીઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય ગુના કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવેલ.

(૩) આરોપીઓ સામે જંતુનાશક અધિનિયમ ૧૯૬૮ ની કલમ ૨૯ મુજબના ગુનાનુ તહોમત છે તેમજ આરોપીઓની આંક-૧૫ ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો તેમજ તેમની રજુઆતો ધ્યાને લેતાં આરોપીઓ ઉપર તેમના પરીવારની જવાબદારી હોય અને ગુનાનો અફસોસ વ્યકત કરતા હોય અને ભવિષ્યમાં બીજો ગુનો નહી થાય તેની ખાતરી આપતા હોય અને પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય તે સંજોગોમાં કેદની સજા કરવાને બદલે દંડ કરવાનું ન્યાયોચિત માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

– હુકમ –

૧. આ કામના આરોપીઓ **1)** એગ્રો સર્વિસ સેન્ટર,નવા બસ સ્ટેન્ડ સામે,કપડવંજ,જિ.ખેડા **2)** એગ્રો સર્વિસ સેન્ટર નવા બસ સ્ટેન્ડ સામે,કપડવંજ,જિ.ખેડા ના જવાબદાર વ્યક્તિ ચંદ્રેશ જાદવજી ભાનુશાલી, રહે.૫જ,હરીકુંજ સોસાયટી,ડાકોર રોડ, કપડવંજ **3)** ભારત બાયોગેસ એનર્જી લીમીટેડ,સુંદરપુરા,તા.ઉમરેઠ,જી.આણંદ **4)**ભારત બાયોગેસ એનર્જી લીમીટેડ, સુંદરપુરા,

તા.ઉમરેઠ,જી.આણંદના જવાબદાર વ્યક્તિ- રાકેશ નાનકભાઈ દંતાણી,રહે.પથ્થર તલાવડી,નારી કેન્દ્ર પાસે, ગોધરા, પંચમહાલ 5)ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન લીમીટેડ,૪૭ જીઆઈડીસી ઈલેક્ટ્રોનીક્સ, સેકટર-૨૫, ગાંધીનગર 6) ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન લીમીટેડ,૪૭ જીઆઈડીસી ઈલેક્ટ્રોનીક્સ, સેકટર-૨૫, ગાંધીનગરના જવાબદાર વ્યકિત ભાવેશકુમાર અરવિંદભાઈ પંડ્યા,૧૧ લક્ષ્મી નારાયણ સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ,ડભાણ, નડીઆદ 7) ખેડૂત બીજ નિગમ,કિસાન કેટલ ફિડની સામે, ગુજદાલા રોડ, ગોંડલ, રાજકોટ 8) ખેડૂત બીજ નિગમ કિસાન કેટલ ફિડની સામે, ગુજદાલા રોડ,ગોંડલ, રાજકોટના જવાબદાર વ્યક્તિ-રાકેશ નાનકભાઈ દંતાણી રહે.પથ્થર તલાવડી,નારી કેન્દ્ર પાસે, ગોધરા, પંચમહાલનાઓને બી.એન.એન.એસ.ની કલમ-૨૭૫- અન્વયે જંતુનાશક દવા અધિનિયમ ૧૯૬૮ ની કલમ- ૨૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને (નં ૧ થી ૮) નાઓને રુ.૧૦,૦૦૦/-(અંકે રુ.દસ હજાર પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.૧ પેઢીની દંડની રકમ જવાબદાર વ્યકિત તરીકે આરોપી નં.૨ નાઓએ ભરવાની રહેશે, આરોપી નં.૩ પેઢીની દંડની રકમ જવાબદાર વ્યકિત તરીકે આરોપી નં.૪ નાઓએ ભરવાની રહેશે, આરોપી નં.૫ પેઢીની દંડની રકમ જવાબદાર વ્યકિત તરીકે આરોપી નં.૬ નાઓએ ભરવાની રહેશે, આરોપી નં.૭ પેઢીની દંડની રકમ જવાબદાર વ્યકિત તરીકે આરોપી નં.૮ નાઓએ ભરવાની રહેશે. આરોપીઓએ કુલ દંડની રકમ રુ.૮૦,૦૦૦/- (અંકે રુપીયા એંસી હજાર પુરા) ભરવાની રહેશે.

મુદામાલ જો કોઈ હોય તો, નિયમ મુજબ નિકાલ કરવો.

હુકમ આજરોજ તા.૧૪ માર્ચ, સને ૨૦૨૬ નારોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

કપડવંજ
તા.૧૪/૦૩/૨૦૨૬

(ટી.વી.જાદવ)
એડીશનલ ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટ
કપડવંજ, કોડ નં.જી.જે.૦૦૬૦૨